| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૩–૧૨–૨૦૦૨ |
| નોંધણી તારીખ | ૧૩–૧૨–૨૦૦૨ |
| ફૈંસલ તારીખ | ૦૧–૧૨–૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ....માસ.... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૩૦૪૦૭૫ / ૨૦૦૨** |
| **આંક** | **૧૪** |

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ દ્ધ**

**આરોપી** :– રેશમસિંહ કુંદનસિંહ કંભોજ, ઉ.વ.આ.૩૦,
રહે. ગામ–ખેડીસહીદ, જી.કુરૂક્ષેત્ર, હરીયાણા.

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે. એચ. પંડયા.
આરોપી પક્ષે વિ.વ.શ્રી આર. બી. ભોગેકર

**ગુનો :– ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની**

**કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ.**

**" જ જ મે ન્ટ "**

(૧) આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૦/૮/૨૦૦૨ ના કલાક ૧૦–૦૦ વાગ્યે પોતાના કબજાની ટ્રક નંબર એચ.આર.૩૭.એ.૨૫૬૯ ની કાલુપુર તરફથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી લાવી વિજય મીલ ફ્રુટ માર્કેટ સામે રોડ ઉપર સાયકલ ચલાવી જતા આ કામના ફરીયાદીને ટકકર મારી એકસીડન્ટ કરી ફરીયાદીના જમણા પગના પંજા ઉપર ફેકચર કરી તથા શરીરે ઈજા કરી નાસી જઈ ગુનો કરેલો. તે મુજબની ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શહેરકોટડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૮/૦૨ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીને અટક કરી, આરોપી સામે ઈ.પી.કોડ કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપી સામેના ગુનાના આંક–૨ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીનું પ્રાથમીક નિવેદન આંક–૩ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થાય તે પહેલાં સદર કામના પક્ષકારોએ આંક–૫ થી સમાધાન પુરસીસ તથા સમાધાન રજુ કરવા અંગેની પરવાનગી અરજી ગુજારવામાં આવેલી હતી જે પરવાનગી અરજી મારા જે તે વખતના પુરોગામી મેજીસ્ટ્રેટ સાહેબે મંજુર કરી ઈ.પી.કો. કલમ ૩૩૭, ૩૩૮ ના ગુના પુરતું સમાધાન મંજુર કરી આરોપીને તે ગુનામાંથી સીઆરપીસી કલમ ૩૨૦(૨)(૮) અન્વયે છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે જયારે ઈ.પી.કો. કલમ ૨૭૯, એમ.વી.એકટ કલમ ૧ ૭૭, ૧૮૪, ૧૩૪(બી) બીન સમાધાનપાત્ર હોય સમાધાન પુરસીસ નામંજુર કરી ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u> :–

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મોહનભાઈ ગલાભાઈ ક્રિશ્ચીયનની જુબાની | ૬ |
| ૨ | સાહેદ રામપાલ ધમાજી ગજજરની જુબાની | ૧૩ |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| ક્રમ | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૮ |
| ૩ | ભોગબનનારનું ઈન્જરી સર્ટીફીકેટ | ૯ |
| ૪ | એમ.વી.એકટની કલમ ૨૦૯ મુજબની નોટીસ. | ૧૦ |
| ૫ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૧૧ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | ૧૨ |

(૫) પુરાવાના અંતે આરોપીની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, બનાવના સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાની ટ્રક નંબર

એચ.આર.૩૭.એ.૨૫૬૯ ની કાલુપુર તરફથી પૂરઝડપે અને બેદરકારી રીતે ચલાવી લાવી વિજય મીલ ફ્રુટ માર્કેટ સામે રોડ ઉપર સાયકલ ચલાવી જતા આ કામના ફરીયાદીને ટકકર મારી એકસીડન્ટ કરી ફરીયાદીના જમણા પગના પંજા ઉપર ફેકચર કરી તથા શરીરે ઈજા કરી નાસી જઈ ઈ.પી.કો.કલમ– ૨૭૯, તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નંબરઃ–૧</u>**

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અંગે કોઈ વિવાદ નથી. બનાવના દિવસે, સમયે અને સ્થળે ભોગબનનાર સાહેદને ઈજા થયેલ છે તે અંગે પણ કોઈ વિવાદ નથી, જેને આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટીફીકેટથી સમર્થન મળે છે. જેથી હવે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી શું બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપીની ગફલતભરી રીતે અથવા તો બેફીકરાઈથી વાહન હંકારવાના કારણસર ભોગબનનાર સાહેદને ઈજા થયેલ છે કે કેમ ? તે રજુ થયેલ પુરાવાના આધારે નકકી કરવાનું રહે છે.

(૧૦) બેફામ તથા બેદરકારીના સંદર્ભે લો લેકસીકનમાં તથા ના.સુપ્રિમ કોર્ટે રવિકપુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, એ.આઈ.આર.૨૦૧૨ સુપ્રિમકોર્ટ, ૨૯૮૬ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાનમાં લઈએ તો :–

" બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે, છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે, એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય, જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. એક વાહન ચાલકનું વાહન યોગ્ય યાંત્રિક સ્થિતિમાં હોય, તે ટ્રાફીકના નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે, એ મુજબ વ્યકિત ન વર્તે તે બેદરકારી ગણાય. શહેરમાં જાહેર માર્ગ પર વ્યકિત વાહન ચલાવે તે અપેક્ષા મુજબનું છે, પરંતુ અચાનક બ્રેક મારે, અચાનક વળાંક લે, અણધારી રીતે ઝડપ વધારી દે તે બેફામપણે  કરેલું વર્તન ગણાય. "

ઉપરોકત વ્યાખ્યાને ધ્યાનમાં રાખી હાલના કેસમાં જોઈએ તો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બનાવના દિવસે, સમયે અને સ્થળે વાહન અથડાવવાના કારણસર ભોગબનનારને ઈજા પહોંચેલી છે. અત્રે એ હકીકત નોંધવી ખુબ જરૂરી છે કે, વાહન હંકારવું કોઈ ગુનો નથી, પરંતુ બનાવના દિવસે, સમયે અને સ્થળ ે આ કામના આરોપી ગુનામાં સંડોવાયેલ વાહન ગફલતભરી રીતે અથવા તો બેફીકરાઈથી વાહન હંકારતા હતા અને તે બેફીકરાઈથી અથવા તો ગફલતભરી રીતે વાહન હંકારવાના કારણસર ભોગબનનારને ઈજા પહોંચેલ છે તે હકીકત ફરીયાદપક્ષે શંકા રહિત પુરવાર કરવી જરૂરી છે. જેથી હવે આ હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે કે કેમ, તે રજુ થયેલ પુરાવાનું વિહંગાવલોકન કરીએ તો આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૬ થી ફરીયાદી મોહનભાઈ ગલાભાઈ ક્રિશ્ચીયનને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૦/૮/૨૦૦૨ ના રોજ તેઓ કાલુપુર કડીયા કામની મજુરી માટે ગયેલા પરંતુ કામ ન મળતા તેઓની સાયકલ લઈને ઘરે પરત જવા નરોડા જતા હતા ત્યારે સવારના દસ વાગ્યાના સુમારે નરોડા રોડ, વિજય મીલ ફ્રુટ માર્કેટ સામે રોડ ઉપર તેઓ આવતાં તે વખતે તેઓની પાછળથી એક ટ્રક આવેલી અને તે ટ્રકની ટકકર વાગતાંથી તેઓ નીચે પડી ગયેલા અને ટ્રકનું પાછળનું વીલ તેઓના જમણા પગ ઉપર તથા સાયકલ ઉપર ફરી જતાં જમણા પગના પંજા ઉપર તથા કપાળમાં ઈજા થયેલી, ટ્રકનો ડ્રાયવર ટ્રક ત્યાં ઉભી રાખી નાસી ગયેલો. બનાવ વખતે ટ્રક કેવી રીતે આવેલી તે ખબર નથી, ટ્રકનો એક માણસ તેઓને સારવાર માટે તેના ઘરે લઈ ગયેલ ત્યાંથી તેઓના બહેન તથા ભાઈ સીવીલ

હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા, ટ્રકનો નંબર કોઈએ આપેલો નહી, ટ્રકના ડ્રાયવરને ઓળખતો નથી. ફરીયાદીને આરોપી બતાવવામાં આવતાં બનાવ વખતે આરોપી ટ્રક ચલાવતા હોય તે હું કહી શકું નહી, બનાવની ફરીયાદ આપેલી અને તે ફરીયાદ ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોવાથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરવામાં આવેલી છે પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી સાહેદ રામપાલ ધમાજી ગજજર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોવાથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરવામાં આવેલી છે પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી.

આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લઈએ તો બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપી તેઓના કબજાનું વાહન બેફીકરાઈથી અથવા ગફલતભરી રીતે હંકારતા હોય તેવી હકીકત સાબીત થતી નથી. ઉલ્ટાનું બનાવના દિવસે, સમયે અને સ્થળે ફરીયાદીને ટ્રક કેવી રીતે આવેલી, ટ્રકનો નંબર શું હતો, ટ્રકનો ડ્રાયવર કોણ હતો તે અંગે તેઓએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં કોઈ સ્પષ્ટ હકીકતો જણાવેલી નથી. ઉપર ચર્ચા કર્યા મુજબ વાહન હંકારવું તે કોઈ ગુનો નથી, પરંતુ બેફીકરાઈથી અથવા ગફલતભરી રીતે, મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે વાહન હંકારવું ગુનો બને છે. પરંતુ એવી કોઈ હકીકત ફરીયાદીના પુરાવાથી સાબીત થતી ન હોય તેથી બનાવના દિવસે, સમયે અને સ્થળે આ કામના આરોપી તેઓના હવાલાવાળું વાહન બેફીકરાઈથી અથવા ગફલતભરી રીતે હંકારતા હોય તેવી હકીકત શંકારહિત પુરવાર થતી નથી.

(૧૧) વધુમાં આ કામના આરોપી સામે એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યાનો પણ આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ એમ.વી.એકટની કલમ ૧૮૪ ના ગુનામાં તકસીરવાન ઠરાતાં પહેલાં એમ.વી.એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થયેલું હોય ત્યારે જ એમ.વી. એકટની કલમ ૧૮૪ અન્વયે તકસીરવાન ઠરાવી શકાય. પરંતુ હાલના કેસમાં એવો કોઈ પુરાવો

ફરીયાદ પક્ષે રજુ થયેલ ન હોય તેથી આરોપીને એમ.વી.એકટની કલમ ૧૮૪ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૨) આમ, રેકર્ડ ઉપરના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં બનાવના દિવસે, સમયે અને સ્થળે આરોપીના ગફલતભરી રીતે અથવા તો બેફીકરાઈથી વાહન હંકારવાના કારણોસર ભોગબનનાર સાહેદને ઈજા પહોંચેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ તરફથી શંકારહિત પુરવાર થતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

" હુ ક મ "

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩ર૦(ર)(૮) મુજબ આરોપીને ઈ.પી.કો.કલમ ૩૩૭, ૩૩૮ મુજબના ગુનામાંથી છોડી મુકવામાં આવેલ છે જયારે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ –ર૫૫(૧) અન્વયે આરોપીને ઈ.પી.કો. કલમ–ર૭૯ તથા મોટર વ્હીકલ એકટ કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(ર) ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૪૩૭ (એ) મુજબ આરોપીએ રૂા.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ – ૦૧ માહે ડીસેમ્બર સને : ર૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૦૧–૧ર–ર૦૧૮.
અમદાવાદ.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ જીજે–૦૦૮૬ર.